દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૨૯ જુલાઈ, ૨૦૨૬

કેન્સરકારી કીટનાશકોનો હજુ પણ ભારતના ખેતરોમાં છૂટથી વપરાશ થાય છે

વિયેતનામે યુદ્ધ દરમિયાન, અમેરિકન વિમાનોએ જંગલો અને ખેતીની જમીનો પર લાખો લિટર એજન્ટ ઓરેન્જનો છંટકાવ કર્યો. તેઓનું લક્ષ્ય ગીચ જંગલો નષ્ટ કરીને સામ્યવાદી લડવૈયાઓને ખવડાવી શકે તેવા પાકોનો નાશ કરવાનો હતો. હવે, અડધી સદી કરતાં વધુ સમય પછી, એજન્ટ ઓરેન્જના મુખ્ય ઘટકોમાંથી એક, હર્બિસાઇડ 2,4-D, હજુ પણ ભારતીય ખેતરોમાં છાંટવામાં આવે છે. WHO ની કેન્સર એજન્સીએ તેને "સંભવતઃ કાર્સિનોજેનિક" તરીકે ઓળખાવ્યું હતું.

તે એટલું 2,4-D નથી. અન્ય વિવાદાસ્પદ હર્બિસાઇડ, પેરાક્વેટનો ઉપયોગ 70 થી વધુ દેશોમાં પ્રતિબંધિત હોવા છતાં ભારતીય ખેતરોમાં થાય છે. તે પછી WHO ની કેન્સર એજન્સી દ્વારા "સંભવિત કાર્સિનોજેન" તરીકે વર્ગીકૃત થયેલ નીંદણનાશક ગ્લાયફોસેટ છે. તે પછી ડાયમેથોએટ છે, જે 31 દેશોમાં DNA નુકસાનની ચિંતાને કારણે પ્રતિબંધિત છે પરંતુ ભારતમાં વેચાય છે. એક જંતુનાશક, એસેફેટ, મધમાખીની સંખ્યા ઘટી જવાની ચિંતા સાથે જોડાયેલું છે. આના જેવા રસાયણો, જે એક સમયે યુરોપ અને યુએસમાં વિકસાવવામાં આવ્યા હતા, તેનો ઉપયોગ ભારતીય ખેતરોમાં થાય છે. તેઓ ખેતીની જમીન સુધી મર્યાદિત નથી. ખોરાક દ્વારા, આ રસાયણો આપણી પ્લેટો સુધી પહોંચે છે, પછી, આપણા શરીર સુધી. પરંતુ શા માટે તેને મંજૂરી આપવામાં આવે છે? આપણા નીતિ નિર્માતાઓ અને સરકાર માટે આ એક અકળાવનારો પ્રશ્ન હશે. વિદેશમાં આરોગ્ય અને પર્યાવરણીય ચિંતાઓને ઉત્તેજિત કરનાર રસાયણો શા માટે ભારતીય ખેતરો અને ખાદ્ય શૃંખલાઓ સુધી પહોંચવાનું ચાલુ રાખે છે? યુરોપિયન કમિશન અને યુરોપિયન ફૂડ સેફટી ઓથોરિટીના ડેટાના વિશ્લેષણ પછી આ પ્રશ્ને તાકીદ મેળવી છે. EUના 27 સભ્ય દેશોએ મે 2024 અને મે 2026 વચ્ચે જંતુનાશકો અને ભારે ધાતુઓ માટે 365 ભારતીય ઉત્પાદનોને નકારી કાઢ્યા હતા, એક અહેવાલમાં જણાવાયું છે. ભારતના સૌથી મોટા વેપારી ભાગીદાર, EUમાં નિકાસ અસ્વીકારનો સામનો કરી રહેલા ભારતીય કૃષિ ઉત્પાદનો એ એક હકીકત છે જે ચિંતાજનક છે પરંતુ લાખો ભારતીયો દ્વારા ખાવામાં આવતા ખોરાકની સલામતી વધુ ચિંતાજનક છે. કેટલાક રસાયણોને અન્યત્ર ખૂબ જોખમી, પ્રતિબંધિત અથવા ભારે તપાસ હેઠળ રાખવામાં આવે છે પરંતુ ભારતીય ખેતરોમાં આડેધડ છાંટવામાં આવે છે. ભારત માટે તો આ વધારે ચિંતાજનક છે, જ્યાં કેન્સર પહેલેથી જ જાહેર-આરોગ્ય પડકાર છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) અનુસાર, ભારતમાં 2022માં અંદાજે 14.6 લાખ નવા કેન્સરના કેસ નોંધાયા હતા. જ્યારે કેન્સરના બહુવિધ કારણો છે અને કોઈ એક જંતુનાશક કારણભૂત ગણાવી શકાતું નથી. પરંતુ જાહેર-આરોગ્ય નિષ્ણાતો કહે છે કે સંભવિત કાર્સિનોજેન્સ તરીકે વર્ગીકૃત થયેલ પદાર્થોના સંપર્કમાં શક્ય અને શક્ય હોય ત્યાં ઘટાડો કરવો જોઈએ. શા માટે પેરાક્વેટ, વિદેશમાં પ્રતિબંધિત, ભારતમાં કાયદેસર છે? જેના પર સમગ્ર વિશ્વમાં ઝેરી અસરની ચિંતાથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને ભારતમાં તે વપરાશમાં ચાલુ છે.

યુરોપિયન યુનિયને 2007 માં ઝેરી ચિંતાને કારણે કૃષિ ઉપયોગ માટે પેરાક્વેટ પર પ્રતિબંધ મૂક્યો હતો. આજે, ઓછામાં ઓછા 74 દેશો હર્બિસાઇડ પર પ્રતિબંધ મૂકે છે, પરંતુ તે ભારતમાં કાયદેસર છે. પેરાક્વેટની તીવ્ર ઝેરી અસર તેને વિવાદાસ્પદ બનાવે છે. બાયોમેડિકલ પેપર્સ અનુસાર, ઓછી માત્રામાં પણ જીવલેણ હોઈ શકે છે અને આ ઝેર માટે કોઈ ચોક્કસ મારણ નથી. સંશોધકોએ ફેફસાના ગંભીર નુકસાન, કિડનીની નિષ્ફળતા અને પાર્કિન્સન રોગના વધતા જોખમ સાથે તેના સંપર્કને જોડ્યો છે. રાજસ્થાનના કિસાન મહાપંચાયત સહિતના ખેડૂત જૂથોએ પેરાક્વેટ પર કડક પ્રતિબંધની માંગ કરી છે. કેરળ અને તેલંગાણા સહિત કેટલાક રાજ્યો હર્બિસાઇડ સામે આગળ વધ્યા છે. ભારતમાં ગ્લાયફોસેટનું ઉત્પાદન કરતી બહુરાષ્ટ્રીય અને સ્થાનિક કંપનીઓ દર વર્ષે અબજો ડોલરનો નફો મેળવી રહી છે. 2015 માં Who's IARCએ તેને સંભવિત કાર્સિનોજેન જાહેર કર્યું હોવા છતાં, ભારતીય નિયમનકારો કંપનીઓ દ્વારા પૂરા પાડવામાં આવેલ ડેટાના આધારે તેને સુરક્ષિત લેબલ કરી રહ્યા છે. કિસાન તકના ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, "નિયમનકારો અને એગ્રોકેમિકલ કંપનીઓ વચ્ચેની આ મિલીભગત લાખો નાગરિકોના સ્વાસ્થ્યને જોખમમાં મૂકે છે." જો કે આવા રસાયણોનો ઉપયોગ ફક્ત કંપનીઓ કે નિયમનકારી સંસ્થાઓના અધિકારીઓ વચ્ચેની મિલિભગતનું જ પરિણામ દરેક વખતે હોતું નથી. કેટલીક વખતે અન્ય યોગ્ય વિકલ્પો ન હોવા, નિયમનકારી સંસ્થાઓમાં પૂરતી માહિતી કે ઇચ્છાશક્તિનો અભાવ કે બેદરકારી અથવા તો જે-તે દવાના નુકસાન અંગેના અહેવાલો બાબત શંકા વગેરે જેવા કારણો પણ જવાબદાર હોઇ શકે છે. પરંતુ જ્યાં સુધી દેશના નાગરિકોના સ્વાસ્થ્યનો સવાલ છે તો આવી સંસ્થાઓએ પુરતી કાળજી અને સતર્કતા રાખવી જ જોઇએ અને જે પણ વસ્તુઓ દેશના નાગરિકોના આરોગ્ય માટે જોખમી જણાય તે બાબતે જરૂરી પગલાં ભરવા જ જોઇએ.

વડીલો માટે ઘરકામ હાથવગી કસરત અને કલાનો આનંદ છે

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

આઝાદીની ચળવળ કરતાં પ્રથમ દરજ્જે સમાજઘડતર માટે જાગૃત મહાત્મા ગાંધીજીએ નિત્ય પ્રાર્થનામાં 'રઘુપતિ રાઘવ રાજારામ' પ્રજાના માનસમાં ઉતાર્યું, પરંતુ તેથી વિશેષ હજારો વર્ષની પરંપરામાં જકડાયેલા કર્મકાંડી સમાજને અને વિશેષ કરીને સ્ત્રીઓને કહ્યું, ''કરતાં જવું ઘરના કામ, લેતાં જવું શ્રી હરિનું નામ.'' ૧૯૪૦થી ૧૯૪૭નો કાળ દારૂણ ગરીબી, અસ્પૃશ્યતા, નિરક્ષરતા અને નબળા સ્વાસ્થ્યનો ગુલામીકાળ હતો. એવા સમયે સમાજ પોતાની ક્ષણક્ષણનો ઉપયોગ ઉદ્યોગી શ્રમકાર્ય અને સ્વાસ્થ્ય સુધાર માટે ખર્ચી આત્મનિર્ભર બને તે આવશ્યક હતું. મહાત્મા ગાંધીજીએ ધર્મને આધાર બનાવી સમુદાયને કંઠસ્થ કરાવ્યું કે પૂજા-પાઠ, ધર્મધ્યાન માટે મંદિર, મસ્જિદ કે ગિરજાઘરમાં સમય વ્યતીત કરવા કરતાં ઘરકામરૂપ ઉત્પાદક શ્રમ કરતાં-કરતાં પ્રાણ અને વિચારને એકમેકમાં પરોવી પરમશક્તિનું સ્મરણ રાખી શકાય છે. ધર્મકાર્ય માટેનું આઝાદીપૂર્વનું આ મહાત્મ્ય હવે શરીરના સ્વાસ્થ્ય માટે અનુસરવા જેવું બન્યું છે. હવામાનનું પ્રદૂષણ, વાહનો અને પશુઓથી ઉભરાતા રસ્તાઓ, અતિ ખર્ચાળ જીમ અને ફિઝિયોથેરાપી સેન્ટરો, જાહેર બગીચાઓ અને જોગર્સ પાર્કમાં ગંદકી, લાખોની વાર્ષિક ફી ભરીને મળતું ક્લબનું સભ્યપદ જેવી આધુનિક સમાજવ્યવસ્થાના પ્રશ્નો વચ્ચે સવાલ રહે છે કે સિનિયર સિટિઝન શરીરને હરતું-ફરતું રાખવા ક્યાં જઈને કસરત કરે? કાનામાત્રના વળગણ વિના સલાહ આપવામાં અત્યંત સરળ લાગતી કસરતને અપનાવવી શહેરીજનો માટે ભારે કઠિન બને છે. ત્યારે ઉપાય તરીકે ઘરકામને કસરતનું સાધન બનાવવાનો નવો દૃષ્ટિકોણ વિચારવા લાયક બને છે.

સામાજિક સુધારના નામે સમાજે અપનાવેલી સાધનસજ્જ કાર્યપ્રણાલીના કારણે હવે ઘરમાં ઘંટીના બે પથ્થરોમાં અનાજ દળાતું નથી. વોશિંગ મશીન હાથ લગાડ્યા વિના જ કપડાં ધોઈ આપે છે. ક્યાંક ડિશવોશર તો ક્યાંક કામવાળાની મદદથી ઢગલાબંધ વાસણ ધોવાય છે. આથી હાથના ઇન્ટ્રિન્સિક અને એક્સ્ટેન્સર ગ્રુપના મસલ્સ તથા ખભાના ફ્લેક્સર ગ્રુપના મસલ્સને પૂરતી મૂવમેન્ટ મળતી નથી. એટલું જ નહીં, પ્રાકૃતિક રીતે હાથની દસ આંગળીઓ અને હથેળીની તાકાતથી વસ્તુ પકડવી, ઊંચકવી, સોયમાં દોરો પરોવવો કે ફૂલની માળા તૈયાર કરવા જેવી નાની દેખાતી કામગીરી પણ ગૌણ બની રહી છે. માનવ મસ્તિષ્કની કુલ ઊર્જામાંથી ફાઇન મોટર એક્ટિવિટી માટે વપરાતી લગભગ ૩૭ ટકા ઊર્જા હાથ સાથે સંકલિત હોય છે. તેથી મનુષ્ય માટે બંને હાથનો ઉપયોગ શરીરના સ્વાસ્થ્ય માટે અત્યંત મહત્વનો બને છે. કોવિડકાળમાં ઘરના તમામ સભ્યોએ કચરા-પોતાં કરવા પડતાં શહેરીજનો સાજા તો રહ્યા જ, પરંતુ તેમના શારીરિક વજનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. એટલું જ નહીં, પુરુષો પણ બોડી માસ ઇન્ડેક્સ (ફિટનેસ લેવલ)ની હોશેહોશે વાત કરવા લાગ્યા. કમરથી નીચે નમીને રપથી ૩૫ મિનિટ સુધી કચરો વાળવાથી કમરના એક્સ્ટેન્સર મસલ્સમાં લચીલાપણું આવે છે. પાણીમાં ફિનાઇલ નાખી જમીનની લાદી ઘસીને સાફ કરતાં હાથ ઉપરાંત સાથળ, ઘૂંટણના મસલ્સ તથા હાડકાંના સાંધાઓને પણ પોષણ મળે છે. આ ઉપરાંત હિપ-બોનને રક્ષણ આપતા અને ઊઠવા-બેસવામાં શરીરના ઉપરના ભાગને યોગ્ય પોશ્ચર આપવામાં મદદરૂપ થતા ગ્લૂટિયલ મસલ્સ કાર્યરત રહે છે. પરિણામે પાછલી ઉંમરે જોવા મળતા કમરના દુખાવામાં પેઇનકિલર વિના પણ રાહત મળી શકે છે.

હવે ઘરમાં લાકડાં-કોલસાના ચૂલાની સગવડ રહી નથી. ફેફસાના જોરે અગ્નિ પ્રગટાવવાનો પ્રસંગ આવતો નથી. ત્યારે પ્રાણાયામ કે ઝડપથી ચાલવું અનિવાર્ય બને છે. બ્લેન્કેટ તો 'એક ખરીદો, એક મફત'ની લાલચ આપે છે, પરંતુ તે લહાયમાં શાકભાજી કે કરિયાણાની થેલીનો ભાર ઊંચકી ઘર સુધી ચાલીને રસોડા સુધી પહોંચવાનું બંધ થઈ ગયું છે. પરિણામે મેનોપોઝ પછી ૫૦થી ૫૫ વર્ષની ઉંમરે દેખાતો ઓસ્ટિયોઆર્થરાઈટિસ આજે ૪૦થી ૪૨ વર્ષની ઉંમરે જ દસ્તક દેવા લાગ્યો છે. શરીરમાં પરિભ્રમણ કરતા લોહીમાં ઓક્સિજન ભરતાં ફેફસાં અધિક શ્રમથી જ ગતિશીલ રહે છે અને શરીરમાધ્યમને ધર્મનું સાધન બનાવે છે. બગીચા કે ઘરની અગાશી-ગેલેરીમાં મૂકેલા ફૂલછોડના કુંડામાં ખાતર-પાણી આપવાના મનગમતા કાર્યમાં કે પછી શ્લોક, કીર્તન અને ગીતો ગાતાં ગરમ-ઠંડા પાણીથી મસાજરૂપ સ્નાન કરવામાં જે આનંદનો અહોભાવ અનુભવાય છે, તે માનવ મસ્તિષ્કને ડોપામિન, ઓક્સિટોસિન, એન્ડોર્ફિન અને સેરોટોનિનના પ્રવાહથી ભરી દે છે. જે શરીરને દિવસભરના ચઢાવ-ઉતાર અને તણાવને સહન કરવા તૈયાર કરે છે. ઘરના પૌત્ર-પ્રપૌત્ર સાથેની બાળરમતો વ્યાયામ અને નિજાનંદનો અદ્ભુત સંગમ બની કાર્ડિયાક અરેસ્ટ જેવી ગંભીર સ્થિતિ સામે પણ હૃદય માટે અક્સીર દવા બની શકે છે.

એવા સમયે સમાજ પોતાની ક્ષણક્ષણનો ઉપયોગ ઉદ્યોગી શ્રમકાર્ય અને સ્વાસ્થ્ય સુધાર માટે ખર્ચી આત્મનિર્ભર બને તે આવશ્યક હતું

હજારો વર્ષની માનસિકતાના વશમાં પુરુષો માટે ઘરકામ સ્ત્રૈણ લાગે છે અને સ્ત્રીઓ માટે આનંદ-પ્રમોદ અસંસ્કારી ગણાય છે. હજારો વર્ષની માન્યતાઓના કારણે પતિ-પત્નીના સહજીવનને મિટાવી દેવામાં જ માયારહિત થવાની ધારણા માનવામાં આવે છે. પરંતુ ભક્તકવિ નરસિંહ મહેતા તો ઈશ્વરને કહે છે, ''માંગુ જનમજનમ અવતાર.'' આધુનિક મનોવિજ્ઞાન અને વર્તનવિજ્ઞાન કહે છે કે સિનિયર સિટિઝને પોતાના સ્વાસ્થ્યની કાળજી પોતાના ઘરેથી જ લેવી જોઈએ. પોષક આહાર અને પ્રેરક વ્યાયામથી જ શરીર અને મન પ્રફુલ્લિત રહેશે. સહજીવન જ શ્રેષ્ઠ જીવન બનશે.

ગુલામીના સંસ્કારો ખંખેરી, પશ્ચિમની રીત-રસમોનો અંધાનુસરણ છોડીને હવે 'આત્મદીપો ભવ'ની ભારતીયતા અપનાવીએ. કહેવાયું છે, ''પહેલું સુખ તે જાતે નર્યા (સ્વસ્થ).'' આ કામ કોઈ ક્લબ, જીમ, દવાખાના કે હોટલના હવાલે ન રાખતાં વયસ્ક નાગરિકોએ પોતાના જીવનરથની લગામ પોતાના મન, બુદ્ધિ અને અહંકારના હાથમાં જ સોંપવી જોઈએ. એમાં જ સાચું કલ્યાણ સમાયેલું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

બદલાની આગમાં સળગતો રાજકુમાર

નાનકડા રાજકુમાર અર્જુનના હૃદયમાં પડોશના રાજા પ્રત્યે વેરની આગ સળગતી હતી. પડોશના રાજ્યના રાજાએ દગો આપીને તેના પિતાની હત્યા કરી હતી. ત્યારથી તેના હૃદયમાં બદલાની ભાવના આકાર લઈ રહી હતી. તેણે પ્રતિજ્ઞા લીધી હતી કે, 'હું મોટો થઈને ચોક્કસ બદલો લઈશ.'

નાનકડો અર્જુન મોટો થવા લાગ્યો. દિવસ-રાત તેના મનમાં એક જ વિચાર રમતો રહેતો કે વેરની વસૂલાત કેવી રીતે કરવી. વર્ષો સુધી એ જ વેરના વિચાર સાથે તે મોટો થયો. પડોશના રાજા અને સમગ્ર રાજકુટુંબને મારી નાખવાના મનસૂબા સાથે તેણે પોતાને તૈયાર કર્યો. પોતે જાતે વેરની વસૂલાત કરી શકે તે માટે તેણે સઘન તાલીમ લીધી અને શક્તિશાળી યોદ્ધા બન્યો.

પાડોશના રાજ્ય વિશે તેણે બધી તપાસ કરાવી. કિલ્લો, સૈન્ય અને તેમની તાકાત વિશે જાસૂસો મારફતે તમામ માહિતી મેળવી લીધી. એક રાત્રે અચાનક હુમલો કરીને તેણે પડોશના રાજાને હરાવ્યો અને બંદી બનાવ્યો. પછી તેણે રાજાને દગાથી કરેલી પોતાના પિતાની હત્યાની યાદ અપાવી અને તેનો શિરચ્છેદ કર્યો. ત્યારબાદ સમગ્ર રાજકુટુંબની હત્યા કરીને પોતાના પિતાની હત્યાનો બદલો પૂરો કર્યો.

દુશ્મન રાજાને હરાવીને તેની હત્યા કરી, વેરની વસૂલાત કરી અને યુદ્ધ પણ જીતી લીધું; પરંતુ તેની અંદર વર્ષોથી સળગતી વેરની આગ હજુ શાંત થઈ નહોતી. તેને ક્યાંય પણ શાંતિનો અનુભવ થતો નહોતો.

વેરની વસૂલાત પછી જે શાંતિ અને આનંદ તેને મળવા જોઈએ હતા, તે તેને મળ્યા નહીં. તેની અંદર ક્યાંક ગુસ્સો હજુ જીવંત હતો. જે વેરની આગ સાથે તે મોટો થયો હતો, તે આગ વેરની વસૂલાત થયા પછી પણ તેને અંદરથી બાળી રહી હતી.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

અર્જુન પોતાના કુલગુરુ પાસે ગયો. તેણે સમગ્ર વાત કહી અને પૂછ્યું, 'ગુરુજી, આપ તો જાણો છો કે હું બાળપણથી જ મારા પિતાના હત્યારાનો બદલો લેવા માંગતો હતો. મેં તે રાજાની હત્યા કરીને બદલો પણ લઈ લીધો, છતાં મને શાંતિ મળતી નથી. હવે હું શું કરું?'

કુલગુરુએ કહ્યું, 'અર્જુન, અત્યાર સુધી તું મનમાં વેરની આગ સળગાવતો રહ્યો. આજે તું દુશ્મનને હરાવ્યો છે, પરંતુ શું તું પોતાની અંદર સળગતી વેરની આગને હરાવી શક્યો? શું તું એ આગ બુઝાવવામાં સફળ રહ્યો?'

રાજકુમાર અર્જુન બોલ્યો, 'ગુરુજી, વેરની વસૂલાત થઈ જાય પછી તો એ આગ આપોઆપ બુઝાઈ જવી જોઈએ, પરંતુ તેમ થયું નથી. હવે હું શું કરું?'

કુલગુરુ બોલ્યા, 'અર્જુન, તું યુદ્ધ લડીને જીતી ગયો, રાજાની હત્યા કરીને વેર પણ વાળી લીધો; પરંતુ હજુ તું મનથી પિતાના હત્યારાને માફ કરી શક્યો નથી. જ્યારે તું વેરને ભૂલીશ, નફરતને છોડીને ક્ષમાનો માર્ગ અપનાવીશ, ત્યારે જ તને સાચી શાંતિ મળશે. સજા આપ્યા પછી પણ તું તેને મનથી ક્ષમા આપી શક્યો નથી. મનથી ક્ષમા આપ, તો જ વેરની આગ બુઝાશે.'

રાજકુમારને સમજાયું કે બદલો બહારનું યુદ્ધ જીતે છે, જ્યારે ક્ષમા અંદરનું યુદ્ધ જીતે છે. જે વ્યક્તિ સતત મનમાં વેર રાખે છે, તે પોતે જ આગ લઈને ફરે છે. આ આગ બુઝાવવાનો એક જ રસ્તો છે–વેરને ભૂલી જાઓ અને ક્ષમા આપો.

શું ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવાથી મોદીની તાકાત ઓછી થઈ છે?

૨૫ જુલાઈના રોજ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને દિલ્હીના જંતર-મંતર ખાતે ૩૬ દિવસથી 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી)ના બેનર હેઠળ એકત્ર થયેલા વિરોધ પ્રદર્શનકારીઓના દબાણ સામે નમીને પોતાના રાજીનામાની જાહેરાત કરી હતી. પ્રદર્શનકારીઓએ મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટેની નીટ પરીક્ષાના પ્રશ્નપત્રો લીક થવા માટે તેમને જવાબદાર ઠેરવ્યા હતા. ત્યારબાદ તરત જ સીજેપીના પ્રતિનિધિઓએ કેન્દ્રીય મંત્રીઓ જિતેન્દ્ર સિંહ અને જે.પી. નડ્ડા સાથેની સંયુક્ત પત્રકાર પરિષદમાં જંતર-મંતર ખાતે આંદોલન સમાપ્ત કરવાની જાહેરાત કરી અને જણાવ્યું કે તેમની તમામ માગણીઓ સ્વીકારી લેવામાં આવી છે. પોતાના રાજીનામાના પત્રમાં પ્રધાને લખ્યું કે પદ છોડવું એ વ્યક્તિગત પ્રતિષ્ઠાનો વિષય નથી. તેમણે આ નિર્ણય એટલા માટે લીધો છે કે છેલ્લા દસ દિવસના ઘટનાક્રમથી તેઓ દુઃખી થયા છે અને તેઓ દેશવિરોધી તાકાતોને પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવવાની તક આપવા માંગતા નથી. પ્રધાનનું રાજીનામું સ્વીકારીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી જનરેશન ઝેડ (Gen Z) ના પ્રદર્શનકારીઓના એક શિથિલ ગઠબંધન સામે ઝૂકતા જોવા મળ્યા, જેમણે સ્વતંત્ર ભારતના ઈતિહાસની સૌથી રાજકીય રીતે મજબૂત સરકારોમાંની એકનો સામનો કર્યો અને વિજયી બન્યા. આ વિરોધ પ્રદર્શન તાજેતરના વર્ષોમાં મોદી સરકાર સામે જાહેર જનતાના આક્રોશનું સૌથી પ્રત્યક્ષ ઉદાહરણ રહ્યું છે. ૨૦ જુલાઈના રોજ સંસદ તરફ કૂચ કરી રહેલા લોકો પર પોલીસ દ્વારા કરવામાં આવેલા લાઠીચાર્જ પછી આ આંદોલનને વધુ વેગ મળ્યો હતો, જેમાં ઘણા લોકો ઘાયલ થયા હતા. ૨૮ જૂને એક્ટિવિસ્ટ અને શિક્ષણશાસ્ત્રી સોનમ વાંગચુક આ આંદોલનમાં જોડાયા અને તેમની માગણીઓના સમર્થનમાં અનિશ્ચિત મુદતના ઉપવાસ શરૂ કર્યા બાદ આ વિરોધ પ્રદર્શને વૈશ્વિક ધ્યાન ખેંચ્યું હતું. જેમ-જેમ તેમનું સ્વાસ્થ્ય બગડતું ગયું તેમ-તેમ ભીડ વધતી ગઈ. ૧૮ જુલાઈના રોજ પોલીસે વાંગચુકને વિરોધ સ્થળેથી બળજબરીપૂર્વક હટાવીને હોસ્પિટલમાં દાખલ કર્યા, જ્યાં તેમણે પોતાના ઉપવાસ ચાલુ રાખ્યા. આખરે સરકારે તેમની માગણીઓ પર વિચાર કરવાની ખાતરી આપ્યા બાદ ૨૪ જુલાઈની વહેલી સવારે તેમણે ઉપવાસ સમાપ્ત કર્યા.

સીજેપી કોઈ વાસ્તવિક રાજકીય પક્ષ નથી, પરંતુ તે યુવાનોની ચિંતાઓ અને અસંતોષ વ્યક્ત કરવા માટેનું એક શક્તિશાળી પ્લેટફોર્મ બની ગયું છે. સીજેપીની સ્થાપના ભારતના મુખ્ય ન્યાયાધીશે પત્રકારત્વ અને સક્રિયતા તરફ વળેલા કેટલાક બેરોજગાર યુવાનોને 'કોકરોચ' (વંદા) તરીકે વર્ણવ્યા પછી થઈ હતી. પાછળથી તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેઓ 'નકલી અને બોગસ ડિગ્રી' ધરાવતા લોકોનો સંદર્ભ આપી રહ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં આ શબ્દ એક મોટા વિવાદનું સ્વરૂપ ધારણ કરી ચૂક્યો હતો. આ આંદોલનનું નેતૃત્વ ૩૦ વર્ષીય પોલિટિકલ કમ્યુનિકેશન સ્ટ્રેટેજિસ્ટ અને બોસ્ટન યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી અભિજીત દીપકે કર્યું હતું. સીજેપીને ઝડપથી વિશાળ ઑનલાઇન ફોલોઇંગ મળ્યું અને ઇન્સ્ટાગ્રામ પર તેના ફોલોઅર્સની સંખ્યા ૨૬ મિલિયન (૨.૬ કરોડ) સુધી પહોંચી ગઈ.

એ સ્પષ્ટ છે કે આ વિરોધ પ્રદર્શનોએ વડા પ્રધાનની વ્યક્તિગત છબી અને તેમની અજેયતાને ભારે ફટકો પહોંચાડ્યો છે. ૨૦૧૪માં સત્તામાં આવ્યા પછી મોદી સરકારે વિરોધને ક્યારેય સહન કર્યો નથી અને પ્રદર્શનો સામે કડક કાર્યવાહી કરી છે. તેથી જ પ્રધાનનું રાજીનામું ભારતમાં એક મોટી ઘટના તરીકે જોવામાં આવી રહ્યું છે. પરંતુ આ પહેલીવાર નથી જ્યારે તેમણે મોટા વિરોધ પ્રદર્શનોનો સામનો કર્યો હોય, અને એવું પણ નથી કે તેમણે પહેલીવાર પીછેહઠ કરી હોય. ૨૦૨૧માં સરકારે એક વર્ષ લાંબા ખેડૂત આંદોલન પછી કૃષિ કાયદાઓ રદ કર્યા હતા. વિદ્યાર્થીઓના આ વિરોધ પ્રદર્શને ભારતના મધ્યમ વર્ગના એક મોટા વર્ગને સ્પર્શ્યો છે, જે ધાર્મિક, જાતિગત અને ક્ષેત્રીય ઓળખથી ઉપર ઊઠીને શૈક્ષણિક તકો અને નોકરીઓની અછત સામે અવાજ ઉઠાવી રહ્યો છે.

ફિંગર પ્રિન્ટ
શેખર ઐયર

એ સ્પષ્ટ છે કે આ વિરોધ પ્રદર્શનોએ વડા પ્રધાનની વ્યક્તિગત છબી અને તેમની અજેયતાને ભારે ફટકો પહોંચાડ્યો છે

સરકારે ચોક્કસપણે નમતું જોખ્યું છે. તેમાં કોઈ શંકા નથી, પરંતુ શું તે સીજેપીના ડરથી નમતું જોખ્યું?

વાસ્તવમાં એવો તર્ક આપી શકાય કે ભાજપ પ્રદર્શનકારીઓથી આગળ જોઈ રહ્યું હતું અને આ આંદોલનથી ઊભી થયેલી રાજકીય લહેરનો લાભ કોને મળી રહ્યો છે તેની ચિંતા કરી રહ્યું હતું. મોદીને ખબર હશે કે સરકારે સંસદમાં સુધારેલો 'પબ્લિક એક્ઝામિનેશન્સ એક્ટ' રજૂ કર્યો, જેમાં પ્રશ્નપત્રો લીક કરવા અથવા તેની સાથે ચેડાં કરતા સંગઠિત માફિયા સિન્ડિકેટ માટે ૧૦ વર્ષ સુધીની કેદ અને ૧૦ કરોડ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. જાહેર વિરોધને શાંત પાડવા માટે કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીને શિક્ષણ મંત્રાલયનો વધારાનો પ્રભાર સોંપવામાં આવ્યો.

આ પગલાં મોદી સરકારને તાત્કાલિક સંકટનો સામનો કરવામાં તેમજ વિદ્યાર્થીઓ અને યુવા મતદારો વચ્ચે ફરીથી રાજકીય પકડ મજબૂત કરવામાં મદદરૂપ થઈ શકે છે. જોકે, રાહુલ ગાંધી અને અન્ય વિપક્ષી નેતાઓ આ મુદ્દાને શમવા દેશે નહીં અને સંસદમાં સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે. તેઓ મોદીને ઘેરવાની આ તક ગુમાવવા માંગશે નહીં. પરંતુ કોઈપણ સંકટ કાયમ માટે રહેતું નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સન્માન કરો..

મન મૂકીને, બલ્કે તેથી પણ વધુ, મુશળધાર વરસાદે સમગ્ર ગુજરાતને ઘમરોળી નાખ્યું. અનેક વિસ્તારોમાં પારાવાર નુકસાન થયું. નવસારીનો એક કિસ્સો ખાસ નોંધનીય છે. પૂર્ણા નદીમાં એક યુવાન ડૂબી રહ્યો હતો, પરંતુ તેને બચાવવા માટે ત્યાં દોરડું ઉપલબ્ધ નહોતું. કિનારે ઊભેલી એક મહિલાએ ક્ષણભરનો પણ વિલંબ કર્યા વિના પોતાની પહેરેલી સાડી ઉતારી, તેની કોઈ ટીકા-ટિપ્પણીની પરવા કર્યા વગર તેને દોરડા તરીકે ઉપયોગમાં લીધી અને યુવાનનો અમૂલ્ય જીવ બચાવ્યો. માનવતા અને કરુણાનો આ અદ્ભુત પ્રસંગ સૌ માટે પ્રેરણારૂપ છે. આ કરુણાસાગર મહિલાની સમયસૂચકતા, હિંમત અને નિર્ણયશક્તિ ખરેખર ધન્યવાદને પાત્ર છે.આ મહિલાનું જાહેર સન્માન થવું જોઈએ. ફિલ્મ ઉદ્યોગ, ક્રિકેટ અને અન્ય ક્ષેત્રોની પ્રતિભાઓનું સન્માન કરવામાં આવે છે, તો જીવ બચાવનાર આવી બહાદુર મહિલાનું સન્માન કેમ ન થવું જોઈએ?

સુરત - કુમુદભાઈ બક્ષી

વિવિધ રંગી શાસન

વિશ્વનો કોઈપણ પ્રદેશ શાસનમુક્ત નથી. વિશ્વભરમાં શાસનના વિવિધ રંગો જોવા મળે છે. ક્યાંક ધાર્મિક શાસન છે, ક્યાંક મૂડીવાદ, ક્યાંક સામ્યવાદ, તો ક્યાંક તાનાશાહી. આમ અનેક પ્રકારની વિચારસરણીથી રંગાયેલાં શાસનતંત્રો આજે દેશ્યમાન છે. આશ્ચર્યજનક હકીકત એ છે કે બે મુખ્ય દેશોની શાસનપદ્ધતિ વિશેષ ધ્યાન ખેંચે છે. ચીને ધાર્મિકતાને પાછળ રાખીને સામ્યવાદી વિચારસરણી સાથે વેપાર-ઉદ્યોગ, વિજ્ઞાન, ટેકનોલોજી અને લશ્કરી શક્તિના ક્ષેત્રે અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું છે. બીજી તરફ, ઈરાન શિયા ઈસ્લામી ધાર્મિક વિચારસરણીના આધારે શાસન ચલાવે છે અને વિજ્ઞાન-ટેકનોલોજીમાં નોંધપાત્ર પ્રગતિ કરીને યુદ્ધ તથા લશ્કરી ક્ષેત્રે પણ અત્યંત શક્તિશાળી બન્યું છે. ભારતમાં 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના પ્રાચીન સમયથી સ્વીકારવામાં આવી છે અને સંત વિનોબા ભાવેએ 'જય જગત'નું સૂત્ર આપ્યું હતું. જોકે, આ આદર્શો નજીકના ભવિષ્યમાં સાકાર થતા દેખાતા નથી. પૃથ્વી પર અનેક સંતો અને મહાત્માઓએ માનવજીવનને સાચી દિશા આપવા માટે સમર્પિત ભાવથી પ્રયાસો કર્યા છે, પરંતુ 'સત્તા' સામે ઘણી વખત સૌને વિવશતા અનુભવવી પડે છે. તેથી જ 'જેવો દેશ, તેવો વેશ' ધારણ કરવાની ફરજ પડે છે. વિશ્વબંધુત્વની ભાવના વિવિધ પ્રકારનાં શાસનો વચ્ચે પણ અખંડિત જળવાઈ રહેવી જોઈએ. ધર્મવિમુખતા હોય કે કટ્ટર ધાર્મિકતા–બંને વિશ્વકલ્યાણના માર્ગમાં અવરોધરૂપ બની શકે છે. વિશ્વના સર્જનહારને કેન્દ્રમાં રાખીને, માનવતા અને સહઅસ્તિત્વના મૂલ્યોને અપનાવીને ચાલવું એ જ સર્વના કલ્યાણનો સાચો માર્ગ છે.

**સુરત - યૂસુફ એમ. ગુજરા